**BY E-MAIL :**

૮૨૯૭ - ૮૨૩૦.

ક્રમાંક:મકમ/મ-૮/સેવા-જોડાણ/૨૦૨૫/
કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર
સેક્ટર-૧૯, ગાંધીનગર
તા.૨૬/૦૫/૨૦૨૫

પ્રતિ,

- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(મહેકમ), ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર. (આપની તાબાની સરકારી સંસ્થા)
- નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર. (આપની તેમજ તાબાની કચેરીઓ)
- મદદનીશ કમિશનરશ્રી, મ.ભો.યો.ની કચેરી, ગાંધીનગર.
- મદદનીશ નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણની કચેરી, ગાંધીનગર.
- મદદનીશ નિયામકશ્રી, મદદનીશ ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર. (આપની તેમજ તાબાની કચેરીઓ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

**વિષય : સેવા જોડાણની દરખાસ્ત મોકલી આપવા બાબત.**
**સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના તા.૨૧/૦૫/૨૦૨૫ના પત્ર-ક્રમાંક:ED/0804/05/2025**

ઉપરોક્ત વિષય અન્વયે અન્વયે જણાવવાનું કે, ઉક્ત સંદર્ભ (૧)ના પત્રથી સીધી ભરતીથી નિમણૂક પામેલ શિક્ષણ સેવા વર્ગ-૧અને ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ અને સંલગ્ન સંવર્ગ હેઠળના અધિકારીશ્રીઓ તેમજ અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળના સીધી ભરતીથી નિમણૂક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીશ્રીઓને જેઓની નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવની જોગવાઇઓને આધીન જૂની પેન્શન યોજના લાગુ પડતી હોય, તેવા કર્મચારીશ્રીઓની અગાઉની સેવા હાલની સેવા સાથે સળંગ ગણવા અંગેની દરખાસ્તો નિયત ચેકલીસ્ટ અને તમામ જરૂરી આધાર પુરાવા અને અસલ સેવાપોથી સહ અત્રેની કચેરીની મહેકમ શાખાના મ-૮ દફતરે તા.૦૪/૦૬/૨૦૨૫ સુધીમાં રૂબરૂમાં યોગ્ય ચકાસણી કરાવ્યા બાદ જ સેવા જોડાણની દરખાસ્ત રજીસ્ટ્રી શાખામાં જમા કરાવવાની રહેશે.કોઈ પણ ડોક્યુમેન્ટ ખૂટતા અધુરાશવાળા જણાશે તો સેવા જોડાણની દરખાસ્ત રૂબરૂમાં જ પરત કરવામાં આવશે જેની નોંધ લેશો.

નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની પેન્શનનો લાભ આપવા બાબતે નાણા વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવથી બહાર પાડેલ વિગતવાર

Scanned with OKEN Scanner

સૂચનાઓ મુજબ પાત્રતા ધરાવતા અધિકારી/કર્મચારીઓને તેઓની હાલની કચેરી ખાતે ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી ત્રણ(૩ માસ)માસમાં વિકલ્પ આપવાનો રહે છે અને સંબંધિત કચેરીએ ઉક્ત વિકલ્પની સેવાપોથીમાં અવશ્ય નોંધ કરવાની રહે છે.અને સેવા જોડાણની દરખાસ્ત કરતી વખતે સદર વિકલ્પની નોંધ સેવાપોથીમાં કરવાની રહેશે. અને તેની સાથે વિકલ્પના ફોર્મની નકલ પણ જોડી આપવાની રહેશે.

સેવા જોડાણની કામગીરી સંદર્ભે દર્શિત શિક્ષણ વિભાગના પત્ર પરત્વે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની થાય છે.(પત્રની નકલ સામેલ છે.), સદર બાબતે ગંભીરતા લઈને દરખાસ્ત તૈયાર કરીને અત્રેની કચેરી ખાતે રૂબરૂ જમા કરાવવાની રહેશે.

(ડૉ. એમ. જી. વ્યાસ)
**નાયબ શિક્ષણ નિયામક**
**(મહેકમ)**
**ગુ.રા.ગાંધીનગર**

**બિડાણ : ઉપર મુજબ**

નકલ રવાના જાણ સારું:

–વહીવટી અધિકારીશ્રી, સરદાર વલ્લભભાઈ પટેલ, લોક–પ્રશાસન સંસ્થા,(સ્પીપા),અમદાવાદ.

Scanned with OKEN Scanner